# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દાહોદ ખાતે "અખિલ ભારતીય સંકલિત રાષ્ટ્રીય બીજ યોજના" અંતર્ગત એક દિવસીય ખેડૂત તાલીમ કાર્યક્રમ યોજાયો

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દાહોદ તથા વનસ્પતિ રોગશાસ્ત્ર વિભાગ, આ.કૃ.યુ., આણંદના સંયુક્ત ઉપક્રમે તા: ૨૩ માર્ચ, ૨૦૧૮ ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દાહોદ ખાતે "અખિલ ભારતીય સંકલિત રાષ્ટ્રીય બીજ યોજના" અંતર્ગત એક દિવસીય ખેડૂત તાલીમ કાર્યક્રમ યોજાઈ ગયો. તાલીમ કાર્યક્રમનો વિષય "બીજના સંગ્રહ દરમ્યાન બીજમાં આવતી ફૂગ અને જીવાતો તેમજ તેનું નિયંત્રણ" રાખવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં આણંદ યુનિવર્સિટીના વિવિધ વૈજ્ઞાનિકોએ સંગ્રહિત અનાજમાં આવતી વિવિધ ફૂગ અને જીવાતો અંગે માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં આગંતુક મહેમાનોના હસ્તે દીપ પ્રાગટ્ય તેમજ મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યુ. કાર્યક્રમનું સંચાલન પ્રો. એન. કે. રાઠોડ વૈજ્ઞાનિક (પા.સં.) દ્વારા કરવામાં આવ્યું. કાર્યક્રમ અંતર્ગત ડૉ. એ. બી. બ્રહ્મભટ્ટ દ્વારા ટ્રાયકોડર્માનુ મહત્વ અને તેના વપરાશની વિવિધ પદ્ધતિઓ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. ડૉ. આર. જી. પરમાર દ્વારા ગુણવત્તાસભર બીજ ઉત્પાદન માટે  બીજ જન્ય રોગ નિયંત્રણના વિવિધ ઉપાયો અંગે તલસ્પર્શી માહિતી આપવામાં આવી. ડૉ. એન. એમ. ગોહેલ દ્વારા બીજજન્ય ફૂગ તેમજ તેનાથી થતુ નુકશાન અને બીજ માવજતથી થતા ફાયદા અંગે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું. ડૉ. વી. આર. ગોહેલ દ્વારા સોયાબીન અને મકાઈમાં આવતા બીજજન્ય રોગો અને તેના નિયંત્રણ અંગે માહિતી આપવામાં આવી. ડૉ. આર. કે. ઠુમર દ્વારા સંગ્રહ કરેલ બીજ/અનાજમાં જીવાતની ઓળખ, નુકશાન અને વ્યવસ્થાપન અંગે વિસ્તૃત છણાવટ કરવામાં આવી. પ્રો. એન. કે. રાઠોડ દ્વારા ટ્રાયકોડર્માનું છાણિયા ખાતરમાં સંવર્ધન કરવાની પદ્ધતિની જાણકારી આપવામાં આવી તેમજ ડૉ. યુ. એમ. પટેલ દ્વારા મકાઈની સુધારેલી જાતો તેમજ ખેતી પધ્ધતિ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. ડૉ. એસ. કે.પટેલ, પ્રો. ગૌરાંગ ભાભોર તથા પ્રો. એન. ડી. મકવાણા તેમજ શ્રી આર. બી. ભાલાણી અને શ્રી. કે. બી. ભારાઈ દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા તથા આયોજનમાં મદદરૂપ બન્યા.






અખિલ ભારતીય સંકલિત રાષ્ટ્રીય બીજ યોજના
એક દિવસીય
દરમ્યાન બીજમાં આવતી
નિયંત્રણ

